આંક	:	૫		
દાખલ તારીખ	:	૧૧	૦૩	૨૦૨૬
નિકાલ તારીખ	:	૧૭	૦૩	૨૦૨૬
સમયગાળો	:	વર્ષ	માસ	દિવસ
કુલ	:	૦૦	૦૦	૦૬

મે.ના.શ્રી છઠ્ઠા અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં, ગાંધીનગર.

ફોજદારી પરચુરણ અરજી નંબર–૪૦૫/૨૦૨૬

અરજદાર : **સુરેશ બાબુભાઈ મારવાડી,**
ઉ.વ.૨૯, ધંધો : ખાનગી નોકરી,
રહે.પ્લોટ નં.૫૬૬/૧, સેકટર નં.૪/સી,
ગાંધીનગર.
(હાલ રહે: જ્યુડીશીયલ કસ્ટડી સાબરમતી, અમદાવાદ)

વિરૂદ્ધ

સામાવાળા : (૧) શ્રી સરકાર

અરજદાર તરફે	:	વિ.વ.શ્રી **એસ.એમ.રાઠોડ**
સામાવાળા તરફે	:	વિ.પી.પી.શ્રી **એચ. એન. રાવલ**

–:: હુકમ ::–

(૧) હાલની અરજી બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ પ્રમાણે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે રજુ કરવામાં આવી છે. અરજદારની સામે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.–૧૧૨૧ ૬૦૨૬૨૫૦૦૩૩/૨૦૨૫, બી.એન.એસ. કલમ–૩૧૮(૨),

૨૩૮(ખ), ૬૧(૨) તથા આઈ.ટી.એકટની કલમ– ૬૬ (સી), ૬૬(ડી) મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૨) **<u>બનાવની ટુંકમાં વિગત:–</u>** બનાવની ટુંકમાં વિગત એવી છે કે, કોઈ અજાણ્યા ઈસમે ફરિયાદીના પત્નીની ઓળખની ચોરી કરી એરટેલ પેમેન્ટ બેંકમાં એકાઉન્ટ નંબર ૯૧૭૩૭૩૬૧૩૧ થી ખાતુ ખોલાવી તેમાં ફરિયાદીના ગુગલ–પે બિઝનેસ એકાઉન્ટ મોબાઈલ નંબર–૯૧૯૪૨૬૭૬૭૬૨૦ માંથી ગઈ તા.૧૪/૦૬/૨૦૨૫ થી તા. ૨૬/૧૧/૨૦૨૫ દરમ્યાન કુલ રૂા. ૨૩,૦૪,૮૨૧/૦૦ ફરિયાદીની જાણ બહાર ટ્રાન્સફર કરી મેળવી લઈ ફરિયાદી સાથે ઓનલાઈન ઠગાઈ કરી ગુનો કરેલ છે.

(૩) અરજદારના વિદ્વાન વકીલ શ્રી એસ એમ રાઠોડ દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે આરોપી નિર્દોષ છે. તેણે કોઈ ગુનાહિત કૃત્ય કર્યું નથી. આરોપીની તારીખ 9/3/2026 ના રોજ ધરપકડ કરવામાં આવી છે, ત્યારથી જ્યુડિશ્યલ કસ્ટડીમાં છે. આરોપી સામે આક્ષેપ કરવામાં આવેલી તમામ કલમો જામીન લાયક ગુનાની છે. આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. આરોપી સ્થાનિક રહેવાસી છે. પોલીસ તપાસ પૂર્ણ કરી અને ચાર્જશીટ કરે તેમાં ખૂબ વાર લાગે તેમ છે અને ત્યાં સુધી હાલના અરજદારને જ્યુડિશ્યલ કસ્ટડીમાં રાખી મુકવો પડે તેવા કોઈ સંજોગો નથી. તે સંજોગોમાં અરજદારને યોગ્ય શરતોને આધીન જામીન મુક્ત કરવા માટે વિનંતી કરેલી છે. વધુમાં એવી રજૂઆત કરી છે કે આ ગુનાની ફરિયાદમાં એવો આરોપ લગાવવામાં આવ્યો છે કે Google Pay ના માધ્યમથી ₹23 લાખની રકમનો ફ્રોડ કરવામાં આવ્યો. પરંતુ દાખલ થયેલી ફરિયાદ હાલના અરજદારના નામ જોગ દાખલ થયેલી નથી. અજાણ્યા ઈસમની સામે આ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ગુનામાં ખોટી રીતે હાલના અરજદારને સંડોવી દેવામાં આવ્યા છે. હાલના અરજદાર પાસેથી કોઈ મુદ્દામાલ પણ રિકવર થયેલો નથી. તે સંજોગોમાં અરજદાર નિર્દોષ

છે. તેને યોગ્ય શરતોને આધીન જામીન મુક્ત કરવા માટે વિનંતી કરેલી છે.

(૪) સરકારશ્રી તરફે વિદ્વાન જિલ્લા સરકારી વકીલ શ્રી રાવલ દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે હાલના અરજદારની આ ગુનામાં પ્રથમ દર્શનીય સંડોવણી છે. અરજદારે ખૂબ મોટી રકમનો ફ્રોડ કર્યો છે અને Google પે ના માધ્યમથી સાયબર ફ્રોડ કરવામાં આવ્યો હોય ગુનાની ગંભીરતા ખૂબ વધારે છે તેથી અરજદારને જામીન મુક્ત કરી શકાય નહીં. વધુમાં એવી રજૂઆત કરી છે કે જો અરજદારને જામીન મુક્ત કરવામાં આવશે તો અરજદાર ફરીથી આવા જ પ્રકારના ગુનાઓ કરશે તેવી પણ દેખતી સંભાવના છે. ગુનાની તપાસ ચાલી રહી છે અને તે દરમિયાન જો અરજદારને જામીન મુક્ત કરવામાં આવે તો તે પુરાવાનો નાશ કરે કે સાક્ષીઓ સાથે ધાકધમકી આપે તેવી પણ સંભાવના છે. તેને ધ્યાનમાં રાખીને અરજદારની જામીન અરજી નામંજૂર કરવા માટે વિનંતી કરેલી છે.

(૫) **મારું એવુ માનવુ છે કે, અરજદારની જામીન અરજી મંજુર કરવા પાત્ર છે.**

(એ) અરજદારની સામે જે આક્ષેપિત ગુનાઓ છે તે જોવામાં આવે તો, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૧૮(૨), ૨૩૮(ખ), ૬૧(૨) તથા આઈ.ટી.એકટની કલમ-૬૬(સી), ૬૬(ડી) મુજબના છે. આ ગુનામાં સજાનો જોગવાઈ જોવામાં આવે તો ત્રણ વર્ષ સુધીની સજાને પાત્ર આ ગુનાઓ છે અને એ તમામ ગુનાઓ જામીન લાયક છે તે સંજોગોમાં અરજદાર જમીન પર મુકત થવા માટે વિનંતી કરતા હોય, અરજદારને જામીન મુકત કરવા ઈન્કાર કરી શકાય નહી.

(બી) વધુમાં હાલના અરજદારની તપાસ કરનાર અમલદાર ધ્વારા પુછપરછ થઈ ચુકી છે. અરજદાર જ્યુડીશીયલ કસ્ટડીમાં છે. ગુનાની તપાસ થઈને ચાર્જશીટ રજુ થતા લાંબો સમય વીતે તે સમય દરમ્યાન હાલના અરજદારને કસ્ટડીમાં રાખી મુકવા કોઈ વાજબી કારણ જણાતુ નથી.

ઉપરોકત સંજોગોમાં અરજદારની જામીન અરજી મંજુર કરવા પાત્ર છે જેથી નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

:: આખરી હુકમ ::

અરજદાર **સુરેશ બાબુભાઈ મારવાડી**ને **રૂા.૫૦,૦૦૦/–** (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા)ના બેલબોન્ડ રજુ કર્યેથી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુના રજી.નં.૧૧૨૧૬૦૨૬૨૫૦૦૩૩/૨૦૨૫ બી.એન.એસ.કલમ–૩૧૮(૨), ૨૩૮(ખ), ૬૧(૨) તથા આઈ. ટી. એકટની કલમ–૬૬(સી), ૬૬(ડી) ના ગુના કામે નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

શરતો:–

૧. અરજદાર/આરોપીએ ફરિયાદ કે ફરિયાદપક્ષના સાહેદોને ધાક–ધમકી, લોભ–લાલચ પ્રલોભન આપવા–અપાવવા નહી કે ફરિયાદપક્ષના સાહેદ પુરાવા સાથે ચેડા થાય તેવુ કૃત્ય કરવું કરાવવું નહી તેમજ તપાસ કરનાર અમલદારને તથા ગુનાની પોલીસ તપાસમાં પુરતો સાથ સહકાર આપવો.

૨. અરજદાર/આરોપીએ કોઈ પણ ગુનાહિત પ્રવૃતિઓમાં સંડોવાવું નહીં. સ્વતંત્રતાનો દુરઉપયોગ ન કરવો.

૩. અરજદાર/આરોપી તથા જામીનદારે જામીન આપતી વખતે પોતાના રહેઠાણનું પાંકુ અને કાયમી સરનામુ(આધાર પુરાવા તથા ટેલીફોન/મોબાઈલ નંબર સહિત) નું પુરૂ પાડવુ અને તેમાં કોઈ ફેરફાર થાય તો, ટ્રાયલ કોર્ટ તથા સંબંધીત

પોલીસ સ્ટેશનને લેખીત જાણ કરવી. જામીનદારે જામીન આપતી વખતે અરજદાર/આરોપીને ઓળખતા હોવા અંગેના જરૂરી પુરાવા રજુ કરવા.

હુકમ આજરોજ તા.૧૭, માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

તારીખ : ૧૭/૦૩/૨૦૨૬
ગાંધીનગર.

(વિરેન્દ્રસિંહ જી. રણા)
છઠ્ઠા અધિક સેશન્સ જજ
ગાંધીનગર.
(GJ 00964)